All help guruji યુ ટ્યુબ ચેનલ SUBSCRIBE કરો.

# કોરોના વોરિયર્સ નિબંધ

આજે સમગ્ર વિશ્વમાં એક ભયાનક વાયરસ અજગરની જેમ ભરડો લઈ રહ્યો છે અને વિશ્વ આખું તેમાંથી છૂટવા માટે તરફડીયા મારી રહ્યું છે. ચીનના વુહાન શહેરથી ડીસેમ્બરમાં બહાર આવેલો આ વાયરસ આજે વિશ્વના ૨૦૦ થી પણ વધારે દેશોમાં ફેલાઈ ગયો છે તેમાંથી ભારત પણ બાકાત નથી. ભારત સરકાર આ અજાણ્યા વાયરસથી દેશને બચાવવા માટે એડીચોટીનું જોર લગાવી રહી છે. તેમાં જો કોઈનો સૌથી વિશેષ ફાળો હોય તો તે છે આપણા દેશના તેમજ ગુજરાત રાજ્યના કોરોના વોરિયર્સનો.

આ કોરોના વોરિયર્સ એટલે કોણ એ સવાલ થાય, કારણકે આ વાઈરસ એકબીજાના સંપર્કમાં આવવાથી ફેલાઈ રહ્યો છે ત્યારે આવી સ્થિતિમાં ગુજરાત અને ભારત જેવા ગીચ વિસ્તારોમાં બહાર કોણ નીકળે. આ કોરોના વોરિયર્સ એટલે કોરોના વાઇરસથી પીડાતા દર્દીઓની સારવાર કરતા ડોક્ટર, લોકોની સુરક્ષા માટે તૈનાત પોલીસના જવાનો, આપણાં સફાઈ કર્મચારીઓ તેમજ આપણી સેનાના જવાનો. આ બધા પોતાનો ઘર - પરિવાર છોડીને લોકોની સુરક્ષા માટે ખડે પગે સેવા આપી રહ્યા છે. કમનસીબી એ છે કે એ પોતે પોતાની ફરજ પૂરી થાય પછી પોતાના પરિવારને પણ મળી શકતા નથી કારણકે ફરજ પરથી ઘરે જઈને પોતે પરિવારને મળે તો તેમને પણ વાઈરસનો ચેપ લાગવાનો ભય રહે છે. તેઓ બહાર જે મળે તે ખાઈ લે છે તેમજ દૂરથી જ પોતાના પરિવારને જોઈને સંતોષ વ્યક્ત કરી લે છે.

All help guruji યુ ટ્યુબ ચેનલ SUBSCRIBE કરો.

Scanned with CamScanner

છેલ્લા કેટલાક દિવસોથી આપણાં આ કોરોના વોરિયર્સ માંથી ઘણાં કોરોના વાઇરસની ચપેટમાં આવી ગયા છે છતાં તેઓ હિંમત હાર્યા વિના પોતાની સેવા આપી રહ્યા છે.દેશની જનતા એ તેમની આ સેવા બદલ આભાર વ્યક્ત કરવા તાળી તેમજ થાળી વગાડી અને સેનાની ત્રણેય પાંખના જવાનો દ્વારા પુષ્પ વૃષ્ટિ કરી તેમનું સન્માન કર્યું.

આ બધાની વચ્ચે આપણાં માટે કમનસીબી એ છે કે અમુક હિન કક્ષાના લોકો આ કોરોના વોરિયર્સ કે જે પોતાનો જીવ જોખમમાં મૂકી દેશની સેવા કરી રહ્યા છે તેમના પર પથ્થર મારો અને હૂમલાઓ કરી રહ્યા છે તેમજ તેમની સારવાર કરી રહેલા ડોક્ટર્સ તેમજ નર્સોને ગાળો ભાંડી રહ્યા છે. આવું લોકો શા માટે કરે છે એ જ સમજાતું નથી. ખેર, આવાં જૂજ ગેરસમજુ લોકોના કૃત્યોને અવગણીને તેઓ પોતાની ફરજ નિષ્ઠા પૂર્વક બજાવી રહ્યા છે. આપણે તેમનું ઋણ કેમે કરીને ચૂકવી શકીએ તેમ નથી. આપણાં આ કોરોના વોરિયર્સને હ્રદય પૂર્વક સો સો સલામ..

નિબંધ લખનાર : વિક્રમ સોલંકી'જનાબ'

પ્રાથમિક શાળાની અપડેટના વિડીયો માટે યુ ટ્યુબમાં All help guruji ચેનલ SUBSCRIBE કરો અને વીડિયો જુઓ

પ્રાથમિક શિક્ષણની લેટેસ્ટ અપડેટ માટે www.rajeshgprajapati.blogspot.com સાઇટ સર્ચ કરો.

Scanned with CamScanner